# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

ફેબ્રુઆરી - ૨૦૨૬

## "મહાશિવરાત્રી નિમિત્તે સ્નેહા ફાઉન્ડેશન ખાતે ભકિત ભાવથી રૂદ્ર અભિષેક યોજાયો."

છેલ્લા ૧૮ વર્ષથી સંસ્થા આર્થિક રીતે પછાત વિસ્તારોના તકવંચિત બાળકોને શિક્ષણ અને સંસ્કાર આધારિત સહાય પૂરી પાડવા માટે સતત કાર્યરત છે. આ સેવાકાર્ય નિરંતર રીતે આગળ વધે અને સમાજના વધુ બાળકોને શિક્ષણનો લાભ મળે તે માટે કાર્યક્રમ દરમિયાન ભગવાન શિવને પ્રાર્થના કરવામાં આવી હતી.

મહાશિવરાત્રીના પાવન અવસરે સ્નેહા ફાઉન્ડેશન ખાતે ભગવાન ભોળેનાથના ચરણોમાં ભકિતભાવથી "રૂદ્ર અભિષેક"નું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રિના પવિત્ર વાતાવરણમાં યોજાયેલ આ ધાર્મિક કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યકરો, દાતાશ્રીઓ તથા સ્થાનિક ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા.





સ્થળ

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust

# લર્નીંગ સેન્ટર

તારીખ ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશનના લર્નીંગ સેન્ટરમાં નવ માસિક પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. છેલ્લા નવ મહિનાથી બાળકો દ્વારા નિયમિત હાજરી, મહેનત અને લગન પૂર્વક કરાયેલા અભ્યાસનું ફળ તેમના પરિણામ રૂપે સ્પષ્ટ રીતે જોવા મળ્યું હતું.

ઘણા વિદ્યાર્થીઓએ વિષયવાર શ્રેષ્ઠ ગુણ પ્રાપ્ત કરીને પોતાની પ્રતિભા સાબિત કરી, જયારે અન્ય વિદ્યાર્થીઓએ પણ નોંધપાત્ર પ્રગતિ દર્શાવી હતી. શિક્ષક મંડળીએ બાળકોની સિદ્ધિઓની પ્રશંસા કરી અને ભવિષ્યનીમાં પણ આવું જ પ્રદાન જાળવી રાખવા માટે પ્રેરણા આપી હતી.





# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

ફેબ્રુઆરી ૨૦૨૬ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં બાળકોના સર્વાંગી મુલ્યાંકન માટે નવમાસીક પરિક્ષાનું આયોજન, આઈ. એસ. ઓ. પરિક્ષાનું આયોજન, વિજ્ઞાન નગરીની શૈક્ષણક મુલાકાત અને પરિણામ સાથે વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ● બ્લેક ડે

૧૪ ફેબ્રુઆરીનો દિવસ સમગ્ર ભારત માટે અત્યંત શોક સભર અને સંવેદનશીલ છે. વર્ષ ૨૦૧૯માં પુલવાવમાં થયેલ ભયાનક આતંકી હુમલામાં આપણા દેશના અનેક વીર જવાનો દેશરક્ષણ કરતી વખતે શહીદ થયા હતા. આ ઘટનાએ સમગ્ર રાષ્ટ્રને વ્યથિત કરી દીધું હતું.

આ વીર શહીદોની અપરિમિત શાહદતને હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરવા માટે સ્નેહા ફાઉન્ડેશનના બાળકો દ્વારા આ દિવસને "બ્લેક ડે" તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન શહીદ થયેલા વીર જવાનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી તથા તેમની શૌર્યગાથા અને દેશપ્રેમને સ્મરણ કરવામાં આવ્યું હતું.

આપણે સૌએ એકત્રિત થઈને દેશ માટે જીવંત બલિદાન આપનાર આવા અમર હિરાઓના ત્યાગને ક્યારેય ભુલવો ન જોઈએ અને હંમેશા તેમનું સન્માન તથા ગૌરવપૂર્વક સ્મરણ કરવું જોઈએ.






## ● છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ

તારીખ ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિ ઉત્સાહ અને ગૌરવ સાથે ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે બાળકોને સ્માર્ટ બોર્ડના માધ્યમથી શિવાજી મહારાજના જીવન, શૌર્ય, દેશપ્રેમ અને સ્વરાજની સ્થાપના વિશે સરળ અને સમજાય તેવી ભાષામાં માહિતી આપવામાં આવી હતી.

શિવાજી મહારાજની સંઘર્ષમય જીવનપ્રસંગો દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ અને દેશપ્રેમની ભાવના મજબુત બને તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. અંતે સૌએ આનંદપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈને તેને સફળ બનાવ્યો હતો.





## ● વિજ્ઞાનનગરીની મુલાકાત

તારીખ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન અને એન. પી. મહેતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સાયન્સ સીટી ખાતે એક્સપોઝર વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિજ્ઞાન નગરી ખાતે વિદ્યાર્થીઓએ વિવિધ વૈજ્ઞાનિક પ્રદર્શન, મોડેલ અને પ્રયોગોનું નિરીક્ષણ કર્યું. પ્લાનેટેરિયમમાં બ્રહ્માંડ અને ગ્રહો વિશે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. તેમજ ઉર્જા, પર્યાવરણ અને ટેકનોલોજી સંબંધિત વિભાગોની મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને નવી જાણકારી પ્રાપ્ત થઈ હતી.

આ વિઝીટનો મુખ્ય હેતું બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ અને જિજ્ઞાસા વિકસાવવાનો હતો. સમગ્ર કાર્યક્રમ શૈક્ષણિક, રસપ્રદ અને જ્ઞાનવર્ધક રહ્યો હતો.






## ● કમ્પ્યુટરના ભાગો વિશે માહિતી

તારીખ **૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકો માટે શૈક્ષણિક માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બાળકોને ઈન્ટરનેટના લાભ અને ગેરલાભ વિશે વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. ઈન્ટરનેટનો યોગ્ય અને સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો, ઓનલાઈન શિક્ષણના ફાયદા, માહિતી મેળવવાની સરળતા તેમજ સાયબર ક્રાઈમથી બચવા માટેની સાવચેતીઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત બાળકોને કમ્પ્યુટરની મુળભુત જાણકારી આપવામાં આવી. કમ્પ્યુટરના ભાગો, તેનો ઉપયોગ, ટાઈપિંગ, ફાઈલ બનાવવાની પ્રક્રિયા અને અન્ય જરૂરી માહિતી પ્રેક્ટિકલ રીતે સમજાવવામાં આવ્યું હતું. જેથી તેઓ જાતે શીખી શકે અને ટેકનોલોજી પ્રત્યે આત્મવિશ્વાસ વિકસાવી શકે. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોના જ્ઞાનમાં વધારો થયો અને ડિજિટલ યુગમાં આગળ વધવા માટે જરૂરી પ્રાથમિક સમજ પ્રાપ્ત થઈ હતી.





## ● રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

તારીખ **૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬**ના રોજ **રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ** નિમિત્તે **સ્નેહા ફાઉન્ડેશન** સંસ્થા અને **એન.પી. મહેતા પ્રાથમિક શાળા** ખાતે **રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ**ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતું બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા, નવીન વિચારશકિત અને પ્રયોગાત્મક અભિગમ વિકસાવવાનો હતો.

આ અવસરે બાળકો દ્વારા વિવિધ વૈજ્ઞાનિક મોડેલ તૈયાર કરવામાં આવ્યા હતાં. જેમ કે ઈલેકટ્રીક ચિલી કટર, મેગ્નેટીક લેવીટેશન, રસાયણિક પ્રક્રિયા તેમજ દૈનિક જીવનમાં ઉપયોગી વિજ્ઞાન આધારિત પ્રયોગો. દરેક બાળકોએ આત્મ વિશ્વાસ પૂર્વક પોતાના મોડેલોનું પ્રેઝન્ટેશન આપી તેની કાર્યપદ્ધતિ અને મહત્ત્વ સમજાવ્યું હતું.

કાર્યક્રમમાં બાળકોના વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. વાલીઓએ પોતાના બાળકોનું પ્રદર્શન જોઈ ગર્વ અને આનંદની લાગણી અનુભવી હતી. સાથે-સાથે તેમને પણ વવિધ વૈજ્ઞાનિક મુદ્દાઓ વિશે નવી માહિતી મેળવવાનો અવસર મળ્યો હતો.





## • શૈક્ષણિક પ્રવાસ

તારીખ ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા અને એન. પી. મહેતા પ્રાથમિક શાળા દ્વારા બાળકો માટે દ્વારકા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસનો મુખ્ય હેતુ બાળકોને શૈક્ષણિક તથા ધાર્મિક સ્થળોની મુલાકાત દ્વારા નવી માહિતી અને સંસ્કારનો અનુભવ કરાવવાનો હતો.

પ્રવાસ દરમિયાન બાળકોને દ્વારકાધીશ મંદિર તથા આસપાસના દર્શનીય સ્થળોની મુલાકાત કરાવવામાં આવી હતી. બાળકોમાં ખુબ ઉત્સાહ જોવા મળ્યો અને તેઓએ સ્થળોના ઈતિહાસ અને ધાર્મિક મહત્ત્વ વિશે માર્ગદર્શન મેળવ્યું હતું. શિક્ષકો અને સંસ્થાના કાર્યકરો દ્વારા સંપૂર્ણ દેખરેખ રાખવામાં આવી હતી. જેથી બાળકોને સુરક્ષિત અને આનંદમય અનુભવ મળી રહે.

આ પ્રવાસથી બાળકોને મનોરંજન સાથે-સાથે જ્ઞાન પણ મળ્યું. પ્રવાસ સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થયો અને બાળકો આનંદિત મનથી પરત ફર્યા હતા.







# તરુણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરુણાવસ્થા પ્રોજેકટ અંતર્ગત ડૉ. હાર્દિકભાઈ ખત્રી દ્વારા કુલ ૧૪૨ દિકરીઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

- વર્ષ ૨૦૨૬ના ફેબ્રુઆરી મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સ્વ. જશવંતરાય મહેતાની પૂણ્યતિથિ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૭ | ૨૪૨ | ૪૮૯ | શ્રી કલ્પેશભાઈ મહેતા |
| ૨. | શ્રી નિલેશભાઈના માતાશ્રીના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૮ | ૨૪૩ | ૪૯૧ | શ્રી નિલેશભાઈ દવે |
| ૩. | શ્રી મેહરીનબેનના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૫૨ | ૨૪૧ | ૪૯૩ | શ્રી મેહરીનબેન મેઘાણી |
| ૪. | શ્રી પ્રિયંકાબેનના ઘરે દિકરીના જન્મ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૬ | ૨૪૩ | ૪૮૯ | શ્રી પૂર્ણિમાબેન કોમલકાંત શર્મા |

## ફેબ્રુઆરી માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી કલ્પેશભાઈ મહેતા<br>શ્રી માલાબેન મહેતા<br>શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા<br>શ્રી પ્રિતીબેન મહેતા<br>શ્રી રાઘવીબેન મહેતા |
| ૨. | શ્રી કાજલબેન મિશ્રા |
| ૩. | શ્રી નિલેશભાઈ દવે |
| ૪. | શ્રી ઝાયબભાઈ મેઘાણી<br>શ્રી મેહરીનબેન મેઘાણી |

| માર્ચ-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો | |
|---|---|
| તારીખ | આયોજનની વિગત |
| ૦૨ માર્ચ ૨૦૨૬ | હોળી પર્વની ઉજવણી. |
| ૦૩ માર્ચ ૨૦૨૬ | ધૂળેટી પર્વની ઉજવણી. |
| ૦૬ માર્ચ ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૦૮ માર્ચ ૨૦૨૬ | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી. |
| ૨૦ માર્ચ ૨૦૨૬ | વિશ્વ વન દિવસ. |
| ૨૧ માર્ચ ૨૦૨૬ | આંતરરાષ્ટ્રીય જળ દિવસની ઉજવણી. |
| ૨૬ માર્ચ ૨૦૨૬ | રામનવમીની ઉજવણી. |
| ૨૮ માર્ચ ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |






LIONS CLUB













## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**


૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust


**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**


સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા